# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા આઈ.સી.એ.આર યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ યોજાઈ.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા રૂવાબારી, તાલુકો.:- દે'બારિયા, જિલ્લો:- દાહોદ ખાતે તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ મકાઈ પાકમાં મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ અને ફિલ્ડ વિઝીટ કરેલ હતી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ મકાઇની હાઇબ્રીડ જાતો ખેડૂત-મિત્રો અપનાવતા થાય એ ખુબ જ અગત્યનું હોઈ આઈ.સી.એ.આર યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ યોજાઈ જેમાં ટ્રાયબલ વિસ્તારના ૬૦ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.

આ તાલીમ કાર્યક્રમમાં શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી તેમજ મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે તેમજ નીંદામણ નિયંત્રણ કરવા અનુરોધ કર્યો હતો. ડૉ.એસ.કે.સિંઘ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (રોગશાસ્ત્ર) દ્વારા મકાઈમાં આવતી નવીન જીવાત ફોલ આર્મી વોર્મ (પૂછડે ચાર ટપકાવાળી લશ્કરી ઇયળ) તેમજ મકાઇ પાકમાં આવતા રોગો ની ઓળખ અને તેમજ તેના નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું. કાર્યક્રમની અંતે ખેડૂતના ખેતરની મુલાકાત લેવામાં આવી તેમજ ખેડૂત-ભાઈઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.



